પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૧/૦૧/૨૦૨૬, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૨ મહા સુદ-૧૩ વર્ષ : ૧૭ અંક : ૦૪૧


**સુવિચાર**

“માણસ પોતાનાં દુઃખ કરતાં બીજાનાં સુખથી વધું દુઃખી છે.”


:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

Destination Wedding at ₹ 3.5 Lakh
તમારા સપનાના લગ્ન માટે ગીરનું શ્રેષ્ઠ ડેસ્ટિનેશન...
• ૬૦૦૦ ફૂટ વેડિંગ લોન • વિશાળ સ્વિમિંગ પૂલ • મલ્ટી ક્યુસન રેસ્ટોરન્ટ
• ૨૨ લક્ઝરિયસ કોટેજિસ. • લગ્ન વિધિ માટે હોલ..
THE LION LODGE
3
For Booking: 9409400002 | 9409400003 www.thelionlodge.in


## બનાવટી ઘી, દૂધ, ઘી, માખણ, પનીરનું ઠેર-ઠેર વેચાણ થતું હોય તે સમયે

# અધુરામાં પુરૂ : અમરેલીમાંથી બનાવટી બીડી, તમાકુનું કારખાનુ ઝડપાયુ

**ખ્યાતનામ કંપનીની બીડી અને તમાકુનાં જથ્થા સાથે મણીનગરમાંથી એક ઈસમની અટકાયત**

**એક તો તમાકુ આરોગ્ય માટે હાનીકારક હોય અને તેમાં બનાવટી હોય તો વધારે પરેશાની**

**જનઆરોગ્ય સાથે ચેડા કરનાર ઈસમનાં કબ્જામાંથી ૪.૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત**

**પોલીસ અધિક્ષકની સુચનાથી સ્પેશ્યલ ઓપરેશન ગૃપની કામગીરી**



અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લામાં અનેક સ્થળોએ બ્રાન્ડેડ કંપનીની તમાકુ, બીડી, સિગારેટ સહિત અનેક ખાદ્ય તથા અખાદ્ય વસ્તુઓની નકલી માલસામાન બનાવી અને આવી વસ્તુઓનું બેફામ વેચાણ થઈ રહયું છે. જેને લઈ લોકો આવી નકલી તમાકુ, બીડી સહિતની વસ્તુઓનો ઉપયોગ કરી કેન્સર જેવા રોગનો ભોગ બની મોતને ભેટે છે. ત્યારે અમરેલીમાં પાશેરામાં પુણી સમાન એક સ્થળેથી નકલી બીડી, તમાકુ સહિતની વસ્તુઓ પોલીસે ઝડપી પાડેલ છે.

અમરેલીના પોલીસ અધિક્ષક સંજય ખરાતનાં માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લામાં બનાવટી તમાકુ, બીડી બનાવી ઠગાઈ કરી વેચાણ કરનાર ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા જરૂરી સુચના આપવામાં આવેલ હોય. જેના અનુસંઘાને એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર આર.ડી. ચૌધરી તથા એસ.ઓ.જી. ટીમ દ્વારા અમરેલી જિલ્લામાં બનાવટી માલ મંગાવી તેના દ્વારા પેકીંગ કરી પોતાના આર્થિક ફાયદા સારૂ ચીજવસ્તુઓનુ ઉત્પાદન કરનાર શખ્સોની માહિતી મેળવી અને તેઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સતત પ્રયત્નશીલ રહેલ હતી.

જે અન્વયે એસ.ઓ.જી. ટીમ અમરેલી શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે અમરેલી શહેરમાં આવેલ મણીનગર વિસ્તારમાં સાઈબાબાના મંદિર પાસે રહેતા ઈરફાનભાઈ ઈસ્માઈલભાઈ પઠાણ પોતાના રહેણાંક મકાને ડુપ્લીકેટ તમાકુ તેમજ ડુપ્લીકેટ બીડીની બનાવટ કરી તેનુ વેચાણ કરે છે.

જેથી બાતમીવાળી જગ્યાએ દરોડો કરતા આ ઈસમને બનાવટી માલની તમાકુ, બીડીના જથ્થા તેમજ રો-મટીરીયલ, સ્ટીકરો, હોલમાર્કના સિક્કાઓ વિગેરે કુલ રૂપિયા ૪,૩૬,૩૧૫ ના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવેલ અને પકડાયેલ ઈસમ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી અમરેલી સીટી પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.


स्वादीष्ट और पौष्टीक आहार के लिए
नारायण मुंगफली तेल
GROUNDNUT OIL
મગફળીનું 100 % શુધ્ધ સીંગતેલ
બારેમાસ ભરવા માટે શ્રેષ્ઠ
નારાયણ સોલવેક્ષ : ભાવનગર રોડ, એચ.પી.પેટ્રોલ પંપ સામે, અમરેલી. મો.98244 29044

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,52,900/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૩૦/૦૧/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. ઉત્સવ ડી. ઉનડકટ — ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત
તા.૦૧/૦૨/૨૦૨૬ - રવિવારે, સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦
ડો. ધવલ તન્ના — રૂમેટોલોજીસ્ટ, વા, સાંધા અને સ્નાયુના દુઃખાવાના નિષ્ણાંત
તા.૦૩/૦૨/૨૦૨૬ - મંગળવારે,સવારે ૦૯:૦૦ થી ૦૯:૦૦
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોકાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ

વધે આપની નામના એવી અમારી શુભકામનાઓ..
શ્રી સંદિપ ધાનાણી — પ્રમુખ, શહેર કોંગ્રેસ સમિતિ-અમરેલી
શ્રી વિપુલ પોંકીયા — પ્રમુખ, તાલુકા કોંગ્રેસ સમિતિ-અમરેલી
શ્રી સત્યમ્ મકાણી — પ્રમુખ, તાલુકા કોંગ્રેસ સમિતિ-કુંકાવાવ-વડીયા
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા આપ ત્રણેય યુવાનોની વિવિધ હોદ્દો પર વરણી કરતા અમો હર્ષ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. તેમજ આપ સર્વો ઉત્તરોત્તર પ્રગતીના શિખરો સર કરો તેવી શુભકામનાઓ પાઠવીએ છીએ..
શુભેચ્છક
શ્રી મનિષ ભંડેરી (નેતા-કોંગ્રેસ)
શ્રી સતિષ વડાળીયા (માલિક-વડાળીયા ફાર્મ)
શ્રી દિલીપ દેસાઈ (સ્વાતિ માર્કેટીંગ)
શ્રી ઉપેન્દ્ર વડાલીયા (એજ્યુકેશનલ ડાયરેક્ટર)
શ્રી કૌશલ સતાસીયા (ખોડલધામ ઈલેકટ્રીક)

OAJ INSTITUTE OF SCIENCE - BHAVNAGAR
OAJ ધોરણ ૧૦ પછી શું ?
અમરેલીના તેજસ્વી તારલાઓ માટે, આજના સપનાઓને આવતીકાલની સફળતામાં ફેરવતો,વિજ્ઞાન પ્રવાહનો સાચો માર્ગ બતાવવા માટે...
ફ્રી કેરિયર ગાઈડન્સ સેમિનાર
તારીખ : 31/01/2026
વાર : શનિવાર
સમય : 06:30 P.M.
દિલીપ સંઘાણી સાંસ્કૃતિક હોલ (ટાઉન હોલ), અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક સામે, રાજકમલ ચોક પાસે, અમરેલી.
Mr. Dhiren Soni
MANAGING DIRECTOR
OAJ INSTITUTE OF SCIENCE
સેમિનારમાં આવવા માટે સંપર્ક કરો-7433004900

naari IVF
“નવી આશા, નવી યાત્રા”
અમે તકનીકી દ્રષ્ટિએ અદ્યતન IVF સારવાર અને સંપૂર્ણ મેડિકલ માર્ગદર્શન આપીને દંપતિઓને માતા-પિતા બનવાનો અવસર પ્રદાન કરીએ છીએ..
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
Mo.7862037707

## જિલ્લા ભાજપનું સંગઠન માળખુ જાહેર થતું ન હોય અનેક અટકળો

# અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ બદલાશે તેવી ચર્ચાઓ

**જો કે વર્તમાન પ્રમુખ અતુલ કાનાણીની થોડા મહિનાઓ પહેલા નિમણૂંક થયા બાદ પૂનઃ ફેરફારની શકયતા ઉભી થઈ**

**વર્તમાન પ્રમુખને બદલવામાં આવે તો નવા પ્રમુખ કોણ તેની પણ ચર્ચાઓ શરૂ થવા લાગી**

**સમગ્ર રાજયમાં જિલ્લા ભાજપનું માળખુ જાહેર થયુ પણ અમરેલી જિલ્લામાં કેમ નહી**

**પાલિકા-પંચાયતોની ચૂંટણી ડોકિયા કરતી હોય જિલ્લાનું નવું માળખુ ગમે તે ઘડીએ જાહેર થાય તો નવાઈ નહી**

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લા ભાજપનાં પ્રમુખ સહિત સમગ્ર નવું માળખુ આગામી દિવસોમાં જાહેર થવાની સંભાવનાં વચ્ચે વર્તમાન પ્રમુખનો કાર્યકાળ હજુ થોડા મહિનાઓનો જ હોય છતાં કાર્યકરોમાં એવી ચર્ચા જાગી છે. જિલ્લાનું નવુ માળખુ જાહેર થયું ન હોવાથી પ્રમુખને પણ બદલાવવામાં આવે તો નવાઈ પામવા જેવું નહી રહે.



અમરેલી જિલ્લામાં પાલિકા અને પંચાયતોની ચૂંટણી ડોકિયા કરી રહી છે. રાજયનાં લગભગ તમામ જિલ્લામાં જિલ્લા ભાજપનું સંગઠન માળખુ જાહેર થઈ ચુકયુ છે. ભાજપનાં અનેક આગેવાનો જિલ્લા સંગઠનમાં સ્થાન મેળવવા દોડધામ કરી રહ્યા છે.

દરમિયાનમાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ જવાબદારી સંભાળ્યાને ગણતરીનાં મહિનાઓ જ પસાર થયા છે અને કાર્યકરોમાં તેમને બદલવાની પણ ચર્ચા જાગત અનેક પ્રશ્નો ઉભા થયા છે.

વર્તમાન ભાજપ પ્રમુખ પક્ષ ઉપર પકડ જમાવી શકતા નથી કે પછી અન્ય કોઈ કારણસર તેમને જવબદારીમાંથી મુકત કરવામાં આવે છે કે કેમ તેના પર સૌની નજર મંડાયેલી છે.

જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે અગાઉ કૌશિક વેકરિયા, ડો. કાનાબાર, હિરેન હિરપરા, શરદ લાખાણીની મજબુત કામગીરી સૌએ નિહાળી છે અને વર્તમાન પ્રમુખની કાર્યશૈલી સૌમ્ય હોય સત્તા પક્ષનાં અનેક કાર્યકરોમાં પણ સૌમ્ય કાર્યશૈલી ચર્ચાનું કેન્દ્ર બની છે.

અમરેલી જિલ્લામાં "આમ આદમી પાર્ટી" સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં મેદાનમાં ઉતરવાની હોય અને પાલિકા/પંચાયતોની ચૂંટણીમાં ખેડૂતો, ગ્રામ્ય મતદારો વધુ સંખ્યામાં હોય અને "આપ"નાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાની ગ્રામ્ય મતદારોમાં લોકપ્રિયતા વધતી હોવાથી ઝડપથી જિલ્લા ભાજપનું સંગઠન માળખુ જાહેર થાય તો કાર્યકરો કામે વળગીને સ્થાનિક ચૂંટણીમાં વિજય મેળવવા અધીરા બન્યા છે.

જો કે ભાજપ હાઈકમાન્ડ જિલ્લા પ્રમુખ સહિતનું નવુ સંગઠન માળખુ જાહેર કરે છે કે વર્તમાન પ્રમુખને બાદ કરીને સંગઠન માળખુ જાહેર કરે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

---

### જિલ્લા કોંગી ઉપપ્રમુખે ચીમકી ઉચ્ચારી

## રાજુલા વિધાનસભા વિસ્તારની મતદાર યાદીમાં ચેડા કરવાનું બંધ કરવા માંગ

**ત્રાહિત વ્યકિત ફોર્મ નં. ૭ ભરવાનું કરે છે કારસ્તાન**

અમરેલી, તા. ૩૦

રાજુલા વિધાનસભા વિસ્તારમાં મતદાર યાદી સાથે ખુલ્લેઆમ લોકશાહીને નષ્ટ કરવાની ગંભીર સાજિશ ચાલી રહી હોવાનું ચોંકાવનારા તથ્યો સામે આવ્યા છે. કોઈ ત્રાહિત વ્યકિત દ્વારા ફોર્મ નં. ૭ ભરી જીવિત તથા પાત્ર મતદારોના નામ મતદાર યાદીમાંથી ગેરરીતે રદ કરવામાં આવ્યા છે, જે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પર ગંભીર પ્રશ્નચિહ્ન ઊભું કરે છે.

ટીમ્બી ડુંગર, રાજુલા શહેર, જાફરાબાદ શહેર, ડેડાણ શહેર સહિતના વિસ્તારોમાં ખાસ કરીને અમુક ચોક્કસ વર્ગ અને વિચારધારાના મતદારોને નિશાન બનાવી તેમના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા હોવાની સ્પષ્ટ હકીકત સામે આવી છે. આ કોઈ સામાન્ય ભૂલ નથી પરંતુ મતાધિકાર છીનવી લેવાનો સુનિયોજિત પ્રયાસ હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.



આ ગંભીર લોકશાહી વિરોધી કૃત્ય સામે અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ટીકુભાઈ વરૂ દ્વારા પ્રાંત કલેકટરને કડક શબ્દોમાં લેખિત રજૂઆત કરી સમગ્ર મામલાની તાત્કાલિક અને નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. સાથે સાથે જીવિત તથા પાત્ર મતદારોના નામ તરત જ મતદાર યાદીમાં પુનઃ સ્થાપિત કરવા અને ખોટી માહિતી આપી ફોર્મ નં. ૭ ભરનાર ત્રાહિત વ્યકિતઓ સામે કડક કાયદેસર કાર્યવાહી કરવાની સ્પષ્ટ માંગ કરવામાં આવી છે.

મતદાનનો અધિકાર ભારતના સંવિધાન દ્વારા આપવામાં આવેલો મૂળભૂત અધિકાર છે અને તેને છીનવી લેવાનો કોઈને અધિકાર નથી. જો વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક અને કડક પગલાં નહીં લેવામાં આવે તો કોંગ્રેસ પક્ષ આ મુદ્દે લોકશાહી રીતે ઉગ્ર આંદોલન કરવા મજબૂર બનશે તેવી ચેતવણી પણ આપવામાં આવી છે.

---

### અમરેલી જિલ્લામાં દિ'ઉગેને વાહન અકસ્માતની ઘટના બની રહી છે

## ધારી–બગસરા માર્ગ ઉપર હામાપુર નજીક બાઈક સામસામે અથડાતા ૨ વ્યકિતનાં કમકમાટીભર્યા મોત

**અન્ય ૩ વ્યકિતઓ ઈજાગ્રસ્ત થતાં સારવારમાં ખસેડાયા**







અમરેલી, તા. ૩૦

ધારી–બગસરા માર્ગ ઉપર હામાપુર ગામ નજીક આજે ૨ બાઈક સામસામે અથડાતા ૨ વ્યકિતનાં મોત થયાનું અને અન્ય ૩ વ્યકિતઓ ઈજાગ્રસ્ત બનતા સારવારમાં ખસેડવામાં આવેલ છે.

ધારી–બગસરા રોડ પર હામાપુર ગામ નજીક બે બાઈક સામસામે અથડાય પડતાં ગોઝારો અકસ્માત સર્જાયો હતો. બે મોટરસાયકલ સામસામે પ્રચંડ વેગે અથડાતા સર્જાયેલા આ અકસ્માતમાં બે વ્યકિતઓના કરૂણ મોત નિપજયા છે જયારે અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

આ બનાવમાં મળતી માહિતી મુજબ હામાપુર પાસે બંને બાઈક વચ્ચે ટક્કર એટલી જોરદાર હતી કે અવાજ સાંભળી આસપાસના સ્થાનિકો તુરંત દોડી આવ્યા હતા. અકસ્માતમાં પ્રવીણભાઈ વલ્લભદાસ દાણીધારીયા (રહે. બોરડી) અને દિનુભાઈ બ્લોચ (રહે. જેતપુર) વાળા બે વ્યકિતઓને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું.

આ બનાવ અંગે સ્થાનિક લોકોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા ઈજાગ્રસ્તોને પ્રથમ ધારી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જયારે બાઈકમાં બેઠેલા માધવીબેન, રેણુકાબેન (રહે. બોરડી) અને રૂકસાનાબેન (રહે. જેતપુર વાળા)ની હાલત વધુ નાજુક જણાતા તેમને વધુ સારવાર અર્થે અમરેલી રીફર કરવામાં આવ્યા છે.

આ ઘટનાની જાણ થતા જ ધારી પોલીસનો કાફલો સિવિલ હોસ્પિટલ પહોંચ્યો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી અકસ્માત અંગે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાને પગલે પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

---

### શહેર કોંગ્રેસ પ્રમુખ સંદિપ ધાનાણીએ આવેદનપત્ર પાઠવ્યું

## અમરેલી શહેર તથા જિલ્લામાં ફોર્મ નં. ૭નો થતો દુરૂપયોગ અટકાવવા માંગ

**સમગ્ર પ્રક્રિયા પારદર્શી રીતે કરવા માંગ કરી**

અમરેલી, તા. ૩૦

અમરેલી શહેર કોંગ્રેસ પ્રમુખ સંદિપ ધાનાણીની આગેવાનીમાં કોંગ્રેસનાં આગેવાનોએ નાયબ કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, અમરેલી શહેરમાં એસઆઈઆર પ્રક્રિયા દરમ્યાન બીએલઓ ધ્વારા ઉત્તમ, નિષ્પક્ષ અને નિયમસર કામગીરી કરવામાં આવી હતી. જેમાં અરજદારો તથા બીએલઓનાં પરસ્પર સહકારથી તમામ જરૂરી પુરાવા તથા દસ્તાવેજોના આધાર ફોર્મ ભરવામાં આવ્યા ત્યારબાદ યોગ્ય રીતે મેપિંગ પ્રક્રિયા પણ પૂર્ણ કરવામાં આવી. જેના આધારે સ્પષ્ટ રીતે સાબિત થાય છે કે સંબંધિત મતદાર એકમાત્ર નાગરિકતા ધરાવતો માન્ય મતદાર છે. આ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ અમુક રાજકીય પક્ષ ધ્વારા નિમાયેલ બીએલએ–૨ ધ્વારા પાછળથી ત્રાહિત (અનઅધિકૃત) વ્યકિત તરીકે વાંધો રજૂ કરી, માન્ય મતદારોના નામ કમી કરવા માટે ફોર્મ નં. ૭ ભરવામાં આવ્યા છે. આ પ્રકારની કાર્યવાહી ચૂંટણી પંચની સ્પષ્ટ માર્ગદર્શિકાઓનો ભંગ કરે છે, એસઆઈઆર પ્રક્રિયાની પવિત્રતા પર પ્રશ્નચિહન ઉભું કરે છે અને સૌથી મહત્વનું નાગરિકના મતાધિકાર તથા નાગરિકતાના મૂળભૂત અધિકારોનો ભંગ કરે છે. આવી જ રીતે અમરેલી જિલ્લાના તમામ તાલુકા તથા શહેરોમાં ફોર્મ નં. ૭ મારફતે ખોટી રીતે નામ કમી કરવાના અનેક બનાવો સામે આવ્યા છે જે લોકશાહી માટે ગંભીર ચિંતાજનક બાબત છે. આ ઉપરાંત હાલ બીએલઓને ફરીથી પૂનઃ તપાસ પંચરોજકામ ફરીથી સ્થળ ચકાસણી કરવાનું જણાવવામાં આવી રહ્યું છે, જે પહેલેથી માન્ય થયેલી નાગરિકતા સામે અનાવશ્યક અને દબાણસભર કાર્યવાહી બની રહી છે અને તે પણ નાગરિક અધિકારોના સ્પષ્ટ ઉલ્લંઘન સમાન છે. આ પરિસ્થિતિને ધ્યાને લઈ એસઆઈઆર દરમ્યાન માન્ય થયેલ અને મેપિંગ પૂર્ણ થયેલ મતદારો સામે ફોર્મ નં. ૭ ધ્વારા કરવામાં આવેલી કાર્યવાહી તાત્કાલિક સ્થગિત કરવામાં આવે. બીએલએ–૨ ધ્વારા કરવામાં આવેલા વાંધાઓની નિષ્પક્ષ અને કાયદેસર તપાસ કરવામાં આવે. બીએલઓને ફરીથી પૂનઃ તપાસ માટે દબાણ ન કરવામાં આવે અને તેમની નિષ્પક્ષ કામગીરીનું રક્ષણ કરવામાં આવે. માન્ય નાગરિકનાં મતાધિકારનું સંપૂર્ણ રીતે સંરક્ષણ થાય તેવી સ્પષ્ટ સુચનાઓ આપવામાં આવે. લોકશાહી વ્યવસ્થાની વિશ્વસનીયતા અને નાગરિકોના બંધારણીય અધિકારોની રક્ષા માટે યોગ્ય કરવા અંતમાં માંગ કરેલ છે.




**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪


---

## ''વિશ્વકર્મા પ્રાગટય દિન''

અમરેલી, તા. ૩૦

શિલ્પ અને સ્થપતિ દેવતા વિશ્વકર્માનો પ્રાગટય દિન એટલે મહાસુદ તેરસ વિશ્વકર્મા ભગવાન પ્રજાપતિ આઠમા પુત્રી યોગસિધ્ધાના પુત્ર છે. વિવિધ દેવતાઓ અને ભગવાનના શિલ્પ સ્થપતિના દેવ તરીકે વિશ્વકર્મા સુપ્રસિધ્ધ છે. દ્વારકાની નગરી, સોનાની લંકા અને વિવિધ દેવતાઓના ભવનના રચયતા વિશ્વકર્મા પ્રાગટય દિન તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ શનિવારના દિવસે છે.

આ દિવસે વિશ્વકર્મા ભગવાનનું શાસ્ત્રોકત રીતે અભિષેક, પૂજન કરવું જોઈએ. અથવા વિદાન શાસ્ત્રી દ્વારા કરાવવું જોઈએ. અને કલાકારો, બાંધકતા જમીન સાથે સંકળાયેલાઓએ વિવિધ ઓજારો, મશીનો વગેરેનું શાસ્ત્રોતક રીતે પૂજન કરાવવું જોઈએ. ઘરમાં પણ ભગવાન વિશ્વકર્માનું શાસ્ત્રોકત રીતે પુજન કરાવવાથી સુખ સમુધ્ધિ વધે છે. અને પોતાના વ્યવસાયમાં લાભ મળે છે.

વિશેષ માર્ગદર્શન માટે :

**શાસ્ત્રી શદરભાઈ દવે,**
**ભાગવત કથાકાર હસ્તરેખા**
**જયોતિષ સલાહકાર (અમરેલી)**
**મો. ૯૪૨૭૮ ૧૭૦૬૭**


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા

PRIME PROPERTY

જયદિપ રાયઠઠા

Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર

અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...

અનિલસિંહ જનવાર : Mo.9426831241


---

### આમ આદમી પાર્ટીએ પાઠવ્યું આવેદનપત્ર

## લીલીયા મોટામાં 'નલ સે જલ' યોજનાં સાર્થક કરવા કામગીરી શરૂ કરવા માંગ

**ડોર ટુ ડોર કનેકશન શરૂ ન થાય તો આંદોલન કરાશે**





લીલીયા, તા. ૩૦

લીલીયા શહેરમાં પાછલા ત્રણ વર્ષથી કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ નલ જે જલ યોજનાના હાઉસ કનેકશન ન અપાતાં ટલ્લે ચડી છે. નલ સે જલ યોજના અંતર્ગત હાઉસ કનેકશનની કામગીરી શરૂ કરાવવા આમ આદમી પાર્ટીના પ્રમુખ વિજયભાઈ વિરાણીની આગેવાનીમાં લીલીયા મામલતદારને આવેદનપત્ર પાઠવી રોષભેર રજૂઆત કરવામાં આવેલ છે. આવેદનપત્રમાં જણાવ્યું કે અંદાજિત ૯ કરોડના ખર્ચે વર્ષ ૨૦૨૧ નલ સે જલ યોજનાની કામગીરી શરૂ કરવામાં આવેલ. આ યોજનાની કામગીરી શહેરના ત્રણ ઝોનમાં કરવામાં આવેલ. જેમાં ૩૩ લાખ લીટરનો એક સંપ,૫ લાખ લીટરની ક્ષમતા વાળી ત્રણ ઉંચી ટાંકી ૩૨ કિ.મી.માં પાણી વિતરણ માટે પાઈપ લાઈન અને મશીનરી વીજ કનેકશન સહિતની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવેલ અને પાણી પુરવઠા બોર્ડ ધ્વારા જુલાઈ ૨૦૨૩ માં યોજનાનું ટેસ્ટિંગ પણ કરી લેવામાં આવેલ. ત્યારબાદ શહેરના ૩૩૦૦ પરિવારોને નલ સે જલ મળી રહે તે માટે વાસ્મો પુરસ્કૃત હાઉસ કનેકશનની ૧૦% રકમ ૯,૦૦,૦૦૦ ગ્રામ પંચાયતે લોકફાળા પેટે ભરવાના હતા તે સમયસર ન ભરાતા હાઉસ કનેકશનની કામગીરી ટલ્લે ચડી હોય પણ એક કારણ છે ગ્રામ પંચાયતના કેટલાક સત્તાધીશોએ અંગત સ્વાર્થ સાધવા હાઉસ કનેકશન કામગીરી ખોરંભે નાખી હોવાનું મનાઈ રહ્યું છે. તેવા પ્રશ્નો લઈ મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવેલ અને દિવસ ત્રણમાં હાઉસ કનેકશન કામગીરી શરૂ નહીં કરવામાં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની પણ ચીમકી આ તકે ઉચ્ચારી હતી. આ તકે મહામંત્રી રાજુભાઈ ગરાણીયા, અરૂણાબેન પંડયા, જીતુભાઈ ભાલાળા, રૂબીના પઠાણ, પ્રતિભાબેન જોષી, ઘનશ્યામભાઈ દેલવાડિયા સહિતના આપ કાર્યકરો ઉપસ્થિત રહેલ.

---

## અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં મહાત્મા ગાંધી નિવાર્ણદિન કાર્યક્રમ યોજાયો





અમરેલી, તા. ૩૦

શિક્ષણ, સંસ્કાર અને રાષ્ટ્રપ્રેમ માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં તા. ૩૦/૧/૨૬ ના રોજ ગાંધીજીના નિર્વાણ દિવસ શહીદ દિન નિમિત્તે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

જેમાં ગાંધીજીની પ્રતિમાનું પૂજન તેમજ તેમના જીવનના પ્રેરક પ્રસંગો રજુ કરવામાં આવ્યા હતા. ધો. ૯ તથા ૧૧ના વિદ્યાર્થીઓ દ્વારા શહીદીના જીવન અને શૌર્યને રજૂ કરતા પ્રસંગો કહેવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળાના સંચાલક દીપકભાઈ વઘાસીયા એ પ્રેરક હાજરી આપી અને પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યુ હતું. ગાંધીજીના જીવનમાંથી પ્રેરણા લઈ રાષ્ટ્રની પ્રગતિમાં સૌ નાગરિકોએ યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.

બાળકોએ દેશભકિત ગીતો રજુ કર્યા હતા.

## ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયાનાં અઘ્યક્ષ સ્થાને સ્કિલ એકસ્પોનો શુભારંભ

# યુવાનો નિષ્ફળતાનો ડર મુકીને પોતાના કૌશલ્યને ઉજાગર કરે તો મળે સફળતા

આઈ.ટી.આઈ.નાં રર થી વધુ ટ્રેડનાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ મોડલનું નિદર્શન

દેશભરમાં ''સ્કિલ ઈન્ડિયા'' મિશન અંતર્ગત યુવાનોને રોજગારલક્ષી કૌશલ્ય અપાઈ રહ્યું છે

આઈ.ટી.આઈ. જેવી સંસ્થાઓની યુવાનોને આત્મનિર્ભર બનાવવામાં મહત્વની ભૂમિકા

સંસ્થાનાં તેજસ્વી વિદ્યાર્થીઓનું મહાનુભાવોનાં હસ્તે સન્માન કરવામાં આવ્યું




અમરેલી, તા. ૩૦

કાયદો તથા ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને અમરેલીની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈટીઆઈ) ખાતે સ્કિલ એકસ્પોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ એકસ્પોનો ઉદ્દેશ આઈ.ટી.આઈ.ના તાલીમાર્થીઓમાં ઉદ્યોગોની જરૂરિયાત અનુસાર કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવાનો રહ્યો હતો.

અમરેલી આઈટીઆઈ ખાતે યોજાયેલા આ સ્કિલ એકસ્પોમાં સંસ્થાના જુદા જુદા ૨૨ ટ્રેડના વિદ્યાર્થીઓ દ્વારા ૮૦થી વધુ વર્કિંગ મોડલ તૈયાર કરી પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. તાલીમાર્થીઓએ પોતાની ટેકનિકલ કુશળતા, નવીન વિચારો અને વ્યવહારૂ જ્ઞાનનો સુંદર પરિચય આપ્યો હતો, જેને ઉપસ્થિત મહેમાનો અને પ્રાધ્યાપકોએ વખાણ્યો હતો.

આ પ્રસંગે રાજયમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનના પગલે દેશભરમાં ' સ્કિલ ઈન્ડિયા' મિશન અંતર્ગત યુવાનોને રોજગારલક્ષી કૌશલ્ય આપવામાં આવી રહ્યું છે.

આઈ.ટી.આઈ. જેવી સંસ્થાઓ યુવાનોને આત્મનિર્ભર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. તાલીમાર્થીઓ ઉદ્યોગોની જરૂરિયાત મુજબ કૌશલ્ય મેળવીને સ્વરોજગાર કે રોજગારની તકો મેળવી શકે તે દિશામાં રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. તેમણે યુવાનોને પ્રેરણા પુરી પાડતા વધુમાં જણાવ્યું હતું કે, યુવાનોમાં અપાર ક્ષમતા અને શકિત રહેલી છે. યુવાનોને યોગ્ય મંચ મળે તો તેઓ પોતાના કૌશલ્યનો પરિચય આપી શકે છે અને યોગ્ય મંચથી ઉજાગર કરી શકે છે. આ દેશના યુવાનો નિષ્ફળતાનો ડર મૂકી ઝંપલાવે તો સાત સમંદર પાર કરી શકે તેવું સામર્થ્ય ભરેલું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા યુવાધનના કૌશલ્ય વિકાસ માટે અનેકિવધ કાર્યક્રમો આપવામાં આવ્યા છે ત્યારે અમરેલી જિલ્લાના દરેક તાલીમાર્થી પોતાનામાં રહેલી શકિતઓને ઉજાગર કરી અમરેલીના સર્વાંગી વિકાસ માટે યોગદાન આપે તેવી શુભેચ્છા પાઠવી હતી. સ્કિલ એકસ્પો થકી તાલીમાર્થીઓને પોતાના જ્ઞાનને પ્રદર્શિત કરવાની સાથે નવીનતા અને વ્યવહારૂ અભિગમ વિકસાવવાનો અવસર મળ્યો હોવાનું તેમણે ઉમેર્યુ હતું. આ કાર્યક્રમમાં અમરેલી આઈટીઆઈના અધિકારીઓ, શિક્ષકગણ, તાલીમાર્થીઓ તેમજ વિવિધ મહાનુભાવોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ પ્રસંગે ઔદ્યોગિક તાલીમ સંસ્થાના તેજસ્વી વિદ્યાર્થીઓ અમિત સોલંકી, હરદિપ મેર અને વિવેક ચૌહાણનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે આઈ.ટી.આઈ. અમરેલીના આચાર્ય ટી.એમ. ભટ્ટ દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન કરવામાં આવ્યું હતું અને મહાનુભાવોનો સ્વાગત સત્કાર કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ સુરેશભાઈ પાથર, જિલ્લાના વિવિધ આઈ.ટી.આઈ.ના આચાર્યો, શિક્ષકો, અગ્રણી અતુલભાઈ કાનાણી, શીતલ આઈસ્કીમના ઉદ્યોગપતિ દિનેશભાઈ ભુવા, એલ.એન્ડ.ટી. ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિ પંકજભાઈ મિશ્રા, ઉમેશભાઈ પાંડે, પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિ મોહિતભાઈ, ભાવેશભાઈ ભાલિયા ઉપસ્થિત રહ્યા હતા.

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
'કળશ મોલ' ની બાજુમાં આવેલ
મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઈન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



















WALK IN INTERVIEW
જનરલ ઓફીસ એડમીનીસ્ટ્રેશન માટે સ્ટાફ જોઇએ છે
GENERAL WEB MANAGEMENT
MULTIMEDIA
(WHATS APP BUSINESS, TWEETER, INSTA, TELEGRAM, FACEBOOK, YOU-TUBE)
GEM PORTAL CORRESPONDENCE
E-MAIL CORRESPONDENCE
GENERAL ACCOUNTING (TALLY – MIRACLE)
IT RETURNS (I-TEX)
PAN CARD APPLICATION
E-STAMP PORTAL
CSC PORTAL
IRCTC RAILWAY TICKET PORTAL
MUTUAL FUND MANAGEMENT
INSURANCE PORTAL
B.Com., Microsoft Office, Tally, English Language, EPFO No., UAN No.
SALARY : Rs. 40 / Hour (Starting) + EPF
TIME : MONDAY to SATURDAY 8:45 AM to 1:45 PM - 2:45 PM to 7:45 PM
E-mail : info@mahajantelnet.com
Web : www.mahajantelnet.com
MAHAJAN TELNET LLP.
95 86 86 86 45



# બાબરા : જામબરવાળાની વી.એન. પટેલ કલ્યાણ વિદ્યાલય ખાતે 'હેલ્થી ફુડ અવેરનેસ' ફેસ્ટિવલની ઉજવણી






બાબરા તાલુકાના જામબરવાળા ગામે આવેલ વી.એન. પટેલ કલ્યાણ વિદ્યાલય ખાતે ભારત સરકારના પર્યાવરણ, વન અને જલવાયુ પરિવર્તન મંત્રાલય પ્રેરિત શાળાના ઈકો કલબના ઉપક્રમે 'હેલ્થી ફુડ અવેરનેસ ફેસ્ટિવલ'નું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે આયુર્વેદિક ડોકટર હેમાલીબેન ઉપસ્થિત રહ્યા હતા. જેમણે વિદ્યાર્થીઓને પૌષ્ટિક આહારની ઉપયોગીતા સમજાવી જંક ફુડના ગંભીર ગેરફાયદાઓ વિશે વિસ્તૃત માહિતગાર કર્યા હતા. તેમણે 'આહાર એજ ઔષધ' વિષય પર વિશેષ ભાર મુકી સ્વસ્થ રહેવાની ચાવી આપી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય એમ.જી. કાનાણી પ્રાસંગિક ઉદબોધન આપતા નિરામય અને સ્વસ્થ જીવનશૈલી કેવી રીતે કેળવી શકાય તે વિશે પ્રેરક માર્ગદર્શન પુરૂ પાડયું હતું. આ ફેસ્ટિવલ અંતર્ગત વિદ્યાર્થીઓ માટે વકૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા જેવી વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉત્સાહભેર ભાગ લેનાર વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ તકે વિદ્યાર્થીઓએ કઠોળમાંથી વિવિધ પૌષ્ટિક વાનગીઓ તૈયાર કરી આકર્ષણ જમાવ્યું હતું અને કાર્યક્રમના અંતે તમામ બાળકોને શાળા તરફથી પૌષ્ટિક નાસ્તો આપવામાં આવ્યો હતો. આ સમગ્ર આયોજનને સફળ બનાવવામાં ઈકો કલબના કન્વીનર જી.ડી. ગોહિલ તેમજ શાળાના તમામ સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું ''સાયબરફ્રોડ''નાં ૭ બનાવો

ઓનલાઈન ઉપાડી લઈ આર.ટી.ઓ. APK ફાઈલ વેપારીના વોટસએપમાં મોકલી મોબાઈલ ફોન હેક કરી ફરિયાદી સાથે ઠગાઈ કરવાના ઈરાદે ખોટી ઓળખ ઉભી કરી છેતરપિંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ચોથા બનાવમાં ખાંભા લીંમડીપરામ વિસ્તારમાં રહેતાં વનરાજભાઈ બાલુભાઈ ભીલ નામનાં ૪૭ વર્ષીય આધેડે કોઈપણ જાતનો ઓ.ટી.પી. કે કોઈપણ ટ્રાન્ઝેકશન્સ કર્યા વગર તેમના એસ.બી.આઈ. બેન્ક એકાઉન્ટના મોબાઈલ ફોનના વ્હોટ્સએપ નંબરમાં કોઈ અજાણ્યા મોબાઈલ વાળાએ SBI CREDIT CARD APK નામની ફાઈલ મોકલતા આધેડે ભુલમાં ડાઉનલોડ થઈ ખોલાય જતા આ એપ્લીકેશન મારફતે આધેડના બેન્કની કોઈ ગોપનીય માહીતી મેળવી લઈ સૌરવ મોંડલ રહે. કલકાતા નામની વ્યકિતએ આધેડની જાણ બહાર ટેકનીકલક સોર્સ ધ્વારા INDUS IND BANK LIMITED S 24-SHIBANIPIT BARUIPUP PARGANAS શાખાના ATM ID ૦૧૪૯૦૦૮૧ તથા INDUS IND BANK LIMITED S 24-PARGANASWB શાખાના ATM ID INMC ૦૩૧૩થી આધેડના રૂા. ૧,૧૫,૧૪૨.૭૨ આધેડના ખાંભા શાખાની એસ.બી.આઈ. બેન્કના ખાતામાંથી ઉપાડી લઈ આધેડ સાથે ઓનલાઈન છેતરપીંડી કરી એકબીજાને મદદગારી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાંચમાં બનાવમાં જાફરાબાદ ગામે મોટા ઉંચાણીયા હવેલીની બાજુમાં રહેતાં ચેતનભાઈ મુકુંદરાય પારેખ નામનાં ૪૬ વર્ષીય વેપારીને ગત તા. ઉના રોજ અજાણ્યા મોબાઈલ નંબરમાંથી ફોન આવેલ અને વેપારીને એચડીએફસી બેંકના મેનેજર તરીકેની ઓળખ આપી વેપારી સાથે વિસઘાત કરી વેપારીને ઉપરોકત મોબાઈલમાંથી તેના વોટ્સએપ એપ્લીકેશન ઉપર લીંક મોકલી એચડીએફસી બેંકના ક્રેડીટ કાર્ડમાંથી બે અલગ–અલગ કુલ રૂપિયા ૯૫,૪૭૩ના ટ્રાન્જેકશન કરી લઈ વેપારી સાથે છેતરપીંડી કરી ઓનલાઈન સાયબર ફ્રોડ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

છઠ્ઠા બનાવમાં રાજુલા ગામે પાણીની ટાંકી પાસે, અંબાજી મંદિરની બાજુમાં રહેતાં ગૌરવભાઈ ધીરૂભાઈ ટાંક નામનાં ૨૨ વર્ષીય યુવક સાથે કોઈ જાનવી નામની મહિલાએ બે અલગ અલગ મોબાઈલ નંબર ઉપરથી સંપર્ક કરી અને આ યુવકને શેર ખરીદવાની ટીપ્સ આપી અને શેરમાં નફો કરાવી આપીશું તેવી રીતે વિાસમાં લઈ અને બાદ શેરના રોકાણમાં યુવકને નુકસાન જતા યુવકે નુકસાન રીકવર કરાવવા સારૂ અભિષેક શર્મા નામના વ્યકિતએ યુવકને ક્રીપ્ટો કરન્સીમાં રોકાણ કરવાનુ કહી META TRADER 5 નામની એપ્લીકેશનમાં ક્રીપ્ટો કરન્સીનુ એકાઉન્ટ બનાવી અને kamleshtawar નામના વ્યકિતનો કયુઆર કોડ મોકલી તેમાં યુવક પાસેથી ચીંટીંગના નાણા ગુગલ પે યુપીઆઈ આઈડી ધ્વારા રૂપિયા ૩૬૦૦ તથા રૂપિયા ૨૨૦૦ તથા રૂપિયા ૧૬૦૦ તથા રૂપિયા ૬૫૦૦ તથા બીજા એકાઉન્ટમાંથી રૂપિયા ૨૦,૦૦૦ તથા રૂપિયા ૧૧,૯૦૦ તથા રૂપિયા ૩૦,૦૦૦ વેપારી પાસેથી કટકે કટકે જુદી જુદી રકમના કુલ રૂપિયા ૭૫,૮૦૦ ટ્રાન્જેકશન કરાવી લઈ યુવક પાસેથી નાણા મેળવી છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

સાતમાં બનાવમાં અમરેલીના માણેકપરામાં રહેતાં મિલનભાઈ રસીકભાઈ ગઢીયા નામનાં ૪૦ વર્ષીય વેપારી યુવક તથા તેમના મિત્રના વોટ્સેપમાં કોઈ અજાણ્યા ઈસમે RTO Traffic Challan 500(2).apk ફાઈલ વાયરલ કરી તે વેપારીએ એપ્લીકેશન ડાઉનલોડ કરી ખોલતા તેમની પોતાની એકટીવા ગાડીના મેમાની વિગત તથા નેટ બેંકીંગની વિગત સબમીટ કરતા વેપારીના તથા વેપારીના પત્નિ તથા તેમના દિકરા–દિકરી ચારેયના અલગ–અલગ એચડીએફસી બેંકના ખાતામાંથી આરોપીએ પોતાના યુકો બેંકના ખાતા નંબરમાં તથા જુદા–જુદા યુપીઆઈથી ફ્રોડના કુલ રૂપિયા ૭,૨૮,૦૦૦ ઓળવી જઈ ઠગાઈ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### ધારાસભ્ય મહેશ કસવાલાની રજુઆત બાદ

## સાવરકુંડલાનાં પીપરડી–મોટા ભમોદ્રા વચ્ચે ૮.૫૦ કરોડનાં ખર્ચે માર્ગ બનશે

### વર્ષોથી ટાપુ બનેલ ''પીપરડી'' ગામને મળશે રાહત

સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલા તાલુકાનું પીપરડી ગામ વર્ષોથી ચોમાસું આવે એટલે ભયના સાયામાં જીવતું આવ્યું છે. ભારે વરસાદ પડતા જ આખું ગામ ટાપુ બની જતું, સંપર્ક તૂટી જતો અને સામાન્ય જનજીવન સંપૂર્ણ રીતે અસ્તવ્યસ્ત થઈ જતું. ઈમરજન્સી સેવા બંધ, વાહન વ્યવહાર ઠપ્પ અને બીમાર દર્દીને હોસ્પિટલ પહોંચાડવું પણ અશકય બની જતું. આ ગામ માટે ચોમાસું વિકાસ નહીં પરંતુ દુઃખ અને ડરનું પર્યાય બની ગયું હતું.

આ વર્ષો દરમિયાન અનેક વખત જાનમાલ બચાવવા સરકારને રેસ્કયુ કામગીરી કરવી પડી છે. પૂર સમયે ઘરના છાપરા ઉપર ઊભેલા પરિવારજનો, ખેતરોમાં ફસાયેલા લોકો અને ભયમાં જીવતો ગામ આ દ્રશ્યો પીપરડી માટે સામાન્ય બની ગયા હતા.

પીપરડી ગામની વર્ષોની પીડાને સમજીને સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ દ્રઢ સંકલ્પ લીધો




કે હવે ગામ કોઈપણ સંજોગોમાં સંપર્કવિહોણું નહીં બને, તેમના દીર્ઘદ્રષ્ટિ, અડગ પ્રયાસો અને જનહિત પ્રત્યેની પ્રતિબધ્ધતાના પરિણામે પીપરડી–ભમોદ્રા વચ્ચે નવા માર્ગને મંજુરી મળી છે. રાજય સરકાર ધ્વારા આ માર્ગ માટે રૂા. ૮.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

નવા માર્ગની સૌથી મહત્વપૂર્ણ વિશેષતા એ છે કે, તેમાં વચ્ચે એક પણ નદી કે નાળું નહી આવે, જેથી ભવિષ્યમાં ભારે વરસાદ હોવા છતાં પણ માર્ગ ચાલુ રહેશે. આ માર્ગ માત્ર રસ્તો નહી પરંતુ પીપરડી ગામ માટે સુરક્ષા, સ્વાભિમાન અને વિકાસનું પ્રતીક બનશે. વર્ષોથી ચાલી આવતી મોટી સમસ્યાનો અંત આવતો જોઈ ગામજનોએ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની મહેનતને દિલથી આવકારી છે અને નવી આશા સાથે ઉજવણી કરી છે.

## અવસાન નોંધ

**અમરેલી :** અમરેલી તાલુકાના વાંકીયા ગામનાં વતની અને વિદ્યાસભા સંકુલનાં કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીના પિતાજી નનુભાઈ જીવરાજભાઈ પેથાણી તા. ૨૯ને ગુરૂવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

સદગતનું બેસણું તા. ૩૧ને શનિવારના રોજ સવારે સાંજના ૫ કલાક સુધી તેમનાં નિવાસ સ્થાન વાંકિયા (તા. અમરેલી) ગામે મેઈન બજાર ખાતે રાખેલ છે.

### નાણાકીય કેસ વધારવા સહિત

## કોટડાપીઠાની બેન્ક ઓફ બરોડામાં લોકર સહિતની સુવિધા આપવા માંગ

### ATM સહિતની સુવિધા જરૂરી : સરપંચ

કોટડાપીઠા, તા. ૩૦

બાબરા તાલુકાનાં કોટડાપીઠા ગામે બેંક ઓફ બરોડાની બ્રાન્ચ આવેલ છે જેમાં અંદાજે કોટડાપીઠા સહીતનાં દસથી બાર ગામોનાં લોકો એક સાથે સંકળાયેલા છે. અંદાજે સોળ હજાર જેટલા બેંક ખાતા ધારકો છે. જેમાં હાલ કૃષિ સહાય પેકેજ તેમજ નાફેડ દ્વારા મગફળી તેમજ કપાસ, ખરીદીનાં રૂા. જમા થતા હોય છે જેમાં હાલ ખેડૂતોને આ રકમ મેળવવા માટે નિયત સમયે મળતા નથી. આથી બેંક ખાતા ધારકોમાં ભારે રોકડ જોવા મળે છે. હાલ આ બ્રાન્ચમાં દરરોજ નાણાકીય કેસ જરૂરીયાત પ્રમાણે મળતી ન હોવાથી બીઓબીની હેડ ઓફીસે નાણાકીય કેસ (રકમ) વધારવાની જરૂર છે, હાલ લગ્નપ્રસંગો તેમજ પ્રસંગોચીત રકમની જરૂરિયાત હોય તે મુજબ રોકડ ન મળતા એક ખાતા ધારકોમાં ભારે રોકડ જોવા મળે છે. અને બેંકમાં સંઘર્ષના બનાવો બને છે.

તેમજ આ કોટડાપીઠા બ્રાન્ચમાં એ.ટી.એમ. તેમજ લોકટ લાંબા સમયની માંગણી છે જે હજુ સુધી પુરી થઈ નથી. આ સમગ્ર બાબતે કોટડાપીઠાનાં યુવા સરપંચ સત્યજીભાઈ વાળા દ્વારા કોટડાપીઠા બ્રાન્ચ મેનેજર તેમજ ભાવનગર રીજીયોનલ મેનેજરને લેખીતમાં રજુઆત કરેલ છે.

### એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી

**અરજદાર :** શ્રી આમદભાઈ દાદાભાઈ ડેરૈયા — અપીલ અરજી નં. ૦૭/૨૦૨૬

સરનામું : રહે. ચોરાપા ડુબાણીયા પા, અમરેલી તા/જિ. અમરેલી.

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી, મુ.અમરેલી તા./જિ.અમરેલી.

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં **આમદભાઈ દાદાભાઈ ડેરૈયા** તેમના ભાઈના પુત્રશ્રી **સુલેમાન વલી ડેરૈયાનો જન્મ (તા.૦૧/૦૬/૧૯૬૪)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૨૯–૦૧–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

(હરેશ તલાટી)
એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી શહેર

## જાહેર નોટિસ

// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૯૨/૨૦૨૬ — તા.૨૯/૦૧/૨૦૨૬

**અરજદારશ્રી :** ૧) દોંગા મનસુખભાઈ દેવજીભાઈ, રહે.ખડસલી, તા. સાવરકુંડલા, જિ. અમરેલી

// વિરૂધ્ધ //

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી, ખડસલી, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **દોંગા મનસુખભાઈ દેવજીભાઈ**ના **બહેન દોંગા અરૂણાબેન દેવડજીભાઈનો જન્મ તા. ૦૭/૧૦/૧૯૬૯ના રોજ મુ. ખડસલી, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૨૯/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિકકો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા**

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૪૫ | ૧૬૦૦ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૬૧૦ | ૧૬૧૦ |
| ૩ | ગીરનાર શીંગ | ૧૨૫૫ | ૧૬૩૦ |
| ૪ | શિંગ મોટી | ૧૦૯૦ | ૧૬૪૫ |
| ૫ | શિંગદાણા | ૧૪૦૦ | ૨૧૦૦ |
| ૬ | શિંગદાણા ફાડા | ૧૭૬૦ | ૨૧૪૫ |
| ૭ | તલ સફેદ | ૧૧૦૦ | ૨૧૫૦ |
| ૮ | તલ કાળા | ૧૭૮૦ | ૩૭૦૦ |
| ૯ | બાજરો | ૪૦૫ | ૪૧૦ |
| ૧૦ | જુવાર | ૯૧૫ | ૯૧૫ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૭૦ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૦ |
| ૧૩ | અડદ | ૮૨૦ | ૧૩૫૦ |
| ૧૪ | ચણા | ૭૦૦ | ૧૦૬૦ |
| ૧૫ | ચણા દેશી | ૧૦૬૫ | ૧૦૬૫ |
| ૧૬ | છોલે ચણા | ૧૧૦૦ | ૧૬૫૦ |
| ૧૭ | તુવેર | ૮૦૦ | ૧૬૯૫ |
| ૧૮ | કપાસ | ૯૯૦ | ૧૬૪૦ |
| ૧૯ | એરંડા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૨૦ | જીરૂ | ૩૬૦૦ | ૪૪૦૦ |
| ૨૧ | ધાણી | ૧૪૫૦ | ૨૦૨૦ |
| ૨૨ | મેથી | ૮૦૦ | ૧૦૧૫ |
| ૨૩ | સોયાબીન | ૯૦૦ | ૧૧૩૫ |
| ૨૪ | મરચા લાંબા | ૧૨૯૦ | ૫૯૦૦ |
| ૨૫ | નવી ધાણી | ૧૬૦૦ | ૧૭૦૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૯૩ | ૧૬૦૧ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૯૦૦ | ૯૦૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૬૧ | ૧૬૬૧ |
| ૨ | મગફળી | ૧૦૧૦ | ૧૪૯૦ |
| ૩ | સોયાબીન | ૮૯૪ | ૮૯૪ |
| ૪ | તલ કાળા | ૪૫૦૦ | ૪૫૦૦ |
| ૫ | તુવેર | ૧૪૦૨ | ૧૬૨૧ |
| ૬ | બાજરો | ૪૫૩ | ૪૫૩ |
| ૭ | ઘઉં | ૪૫૧ | ૪૫૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૪૦૦ | ૧૬૧૦ |
| ૨ | શીંગ મોટી | ૧૪૦૦ | ૧૬૫૧ |
| ૩ | તલ સફેદ | ૧૬૫૦ | ૧૯૫૦ |
| ૪ | જીરૂ | ૪૩૫૦ | ૪૭૦૦ |
| ૫ | કપાસ | ૧૩૫૦ | ૧૬૨૫ |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૪૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૧ |
| ૮ | બાજરો | ૩૮૦ | ૬૦૬ |
| ૯ | અડદ | ૧૦૦૦ | ૧૩૨૫ |
| ૧૦ | ચણા | ૯૫૦ | ૧૧૫૦ |
| ૧૧ | તુવેર | ૧૩૫૦ | ૧૭૩૦ |
| ૧૨ | એરંડી | ૧૦૫૦ | ૧૨૧૦ |
| ૧૩ | ધાણા | ૧૩૦૦ | ૧૮૧૦ |
| ૧૪ | સોયાબીન | ૯૫૦ | ૧૦૮૨ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૧૪૫ | ૧૩૪૦ |
| ૨ | મગફળી | ૧૧૧૫ | ૧૪૬૫ |
| ૩ | ઘઉં | ૪૫૦ | ૪૫૦ |
| ૪ | તલ કાળા | ૪૨૫૦ | ૪૨૫૦ |
| ૫ | તુવેર | ૧૪૭૫ | ૧૬૭૫ |
| ૬ | ધાણા | ૧૭૬૦ | ૧૭૬૦ |
| ૭ | એરંડા | ૧૧૫૫ | ૧૧૫૫ |
| ૮ | શીંગદાણા | ૧૩૭૫ | ૧૫૭૫ |
| ૯ | સોયાબીન | ૧૦૮૦ | ૧૧૦૦ |
| ૧૦ | મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૧ | જીરૂ | ૪૨૧૦ | ૪૨૧૦ |
| ૧૨ | ગમ ગુવાર | ૭૫૦ | ૭૫૦ |
| ૧૩ | ચણા | ૧૦૦૦ | ૧૦૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૩૯ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૦૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૦૯ |
| ૪ | ચણા | ૧૦૦૨ | ૧૦૩૫ |
| ૫ | ધાણા | ૧૪૫૦ | ૧૫૬૫ |
| ૬ | જુવાર | ૫૩૫ | ૫૩૫ |
| ૭ | સોયાબીન | ૯૦૦ | ૧૧૨૨ |
| ૮ | મગફળી | ૧૦૧૦ | ૧૩૮૦ |
| ૯ | તુવેર | ૯૫૦ | ૧૬૧૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૨૭૦ | ૧૬૯૦ |
| ૧૧ | તલ સફેદ | ૧૮૪૦ | ૧૮૫૦ |
| ૧૨ | અડદ | ૧૦૮૦ | ૧૦૮૦ |
| ૧૩ | ચણા સફેદ | ૧૧૦૦ | ૧૧૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૫૦ | ૧૬૭૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૩૬૦ | ૧૪૨૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૨૩૭ | ૧૫૭૩ |
| ૪ | ચણા | ૯૦૫ | ૧૦૯૫ |
| ૫ | જીરૂ | ૩૧૧૫ | ૪૫૨૫ |
| ૬ | ઘઉં | ૪૬૯ | ૫૩૧ |
| ૭ | તુવેર | ૯૧૫ | ૧૫૨૫ |
| ૮ | સોયાબીન | ૭૮૦ | ૧૦૦૦ |
| ૯ | તલ સફેદ | ૧૫૯૫ | ૧૯૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૮૦ | ૧૪૫૨ |
| ૨ | તલ સફેદ | ૧૭૮૦ | ૧૭૮૦ |
| ૩ | તલ પીળા | ૨૦૮૦ | ૨૦૮૦ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૬૨૫ |
| ૫ | બાજરો | ૩૨૫ | ૪૬૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૦૫ | ૫૭૮ |
| ૭ | જુવાર | ૭૦૧ | ૧૨૧૦ |
| ૮ | મગ | ૧૩૦૧ | ૨૫૦૧ |
| ૯ | મઠ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૧૦ | અડદ | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ૧૧ | તુવેર | ૧૦૦૦ | ૧૬૭૫ |
| ૧૨ | ચણા | ૧૧૬૫ | ૧૧૬૫ |
| ૧૩ | એરંડી | ૧૨૧૨ | ૧૨૧૨ |
| ૧૪ | સોયાબીન | ૧૦૨૧ | ૧૦૨૧ |

### શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સંચાલિત

# અમરેલીનાં પટેલ શૈક્ષણિક સંકુલમાં પ્રજાસત્તાકદિનની ઉત્સાહભેર ઉજવણી

## NCC પરેડ સહિતનાં કાર્યક્રમો યોજાયા



અમરેલી, તા. ૩૦

અમરેલીમાં લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ – કોલેજ વિભાગ અમરેલી ખાતે ૨૬મી જાન્યુઆરીના રોજ પ્રજાસતાક દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. મુખ્ય મહેમાન દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. ત્યારબાદ NCC પરેડ, કવાયત, એકે સુર એક તાલ, યોગા અને જીમનાસ્ટિક જેવા કાર્યક્રમો યોજાયા હતા. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

### બાળકોને આપતિ વ્યવસ્થાપન અંગે જાગૃતિ અર્થે

# બાબરા : પી.એમ. તાલુકા શાળા ખાતે ‘શાળા સલામતી સપ્તાહ’ની ઉજવણી

## ૧૦૮ ઈમરજન્સી ટીમ દ્વારા વિદ્યાર્થીઓને જીવનરક્ષક તાલીમ અપાઈ



બાબરા, તા. ૩૦

વર્તમાન સમયમાં બાળકોમાં સુરક્ષા અને આપત્તિ વ્યવસ્થાપન પ્રત્યે જાગૃતિ આવે તેવા ઉમદા હેતુથી સરકાર દ્વારા આયોજિત ‘શાળા સલામતી સપ્તાહ–૨૦૨૬’ની ઉજવણી પી.એમ. તાલુકા શાળા– બાબરા ખાતે ઉત્સાહભેર કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત શાળાના બાળકોને આકસ્મિક સમયમાં પોતાની અને અન્યોની સુરક્ષા કેવી રીતે કરવી તે અંગેનું વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલી ૧૦૮ ઈમરજન્સી સેવાની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી માહિતી પૂરી પાડવામાં આવી હતી. જેમાં અકસ્માત કે બીમારીના સમયે તાત્કાલિક સારવાર (First Aid), સી.પી.આર. કેવી રીતે આપવું અને ૧૦૮ સેવાનો મહત્તમ ઉપયોગ કેવી રીતે કરવો તેનું પ્રાયોગિક નિદર્શન કરવામાં આવ્યું હતું. બાળકોએ ખૂબ જ કુતૂહલપૂર્વક એમ્બ્યુલન્સમાં રહેલા સાધનોની જાણકારી મેળવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આયોજન શાળાના નોડેલ શિક્ષક કાજલબેન બસીયા દ્વારા કરવામાં આવ્યું હતું. તેઓએ વિદ્યાર્થીઓને સલામતીના નિયમોનું પાલન કરવા અને કટોકટીના સમયે ગભરાયા વગર કામ લેવા પ્રોત્સાહિત કર્યા હતા.

શાળાના આચાર્ય અને સ્ટાફ પરિવારે ૧૦૮ની ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં સુરક્ષા પ્રત્યે નવી સભાનતા જોવા મળી હતી.

### મુખ્યમંત્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતમાં

# અમરેલી જિલ્લાની ૧૯૪ ગ્રામ પંચાયતોનું ઈ-ખાતમુહૂર્ત

## રાજયમંત્રીના અધ્યક્ષ સ્થાને સાજિયાવદર મુકામે કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૩૦

ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગરિમામય વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લાની કુલ ૧૯૪ ગ્રામ પંચાયતોના નવા મકાનના નિર્માણ માટે ઈ–ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે અમરેલી જિલ્લાના સજીયાવદર ખાતે ઊર્જા અને કાયદો રાજય મંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમને સંબોધતા રાજય મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વમાં ગ્રામ્ય વિસ્તારના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ગ્રામ પંચાયત મકાનોના નિર્માણથી ગ્રામ સ્વરાજને વધુ મજબૂતી મળશે તેમજ ગ્રામ્ય નાગરિકોને સરકારી સેવાઓ એક જ સ્થળે સરળતાથી ઉપલબ્ધ બનશે.

રાજય મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રૂ. ૪૮ કરોડથી વધુના ખર્ચે અમરેલી જિલ્લાની ૧૯૪ ગ્રામ પંચાયતોને આધુનિક સુવિધાઓથી સજ્જ નવા મકાનો ઉપલબ્ધ બનશે, જે ગ્રામ પંચાયતોની કાર્યક્ષમતામાં વધારો કરશે અને ગ્રામ્ય વહીવટને વધુ પારદર્શક બનાવશે. આગામી સમયમાં અમરેલી વિધાનસભા મતવિસ્તારના તમામ ગામમાં શાળાના નવા ભવન તૈયાર થશે જેની કામગીરી પ્રગતિતળે છે. માર્ગ મકાન વિભાગ રાજય અને પંચાયત હસ્તકના તમામ રોડના કામ ચોમાસા પહેલા પૂર્ણ કરવામાં આવે તેવી નેમ છે. અમરેલી વિધાનસભા મતવિસ્તારની તમામ આંગણવાડીને મોડેલ આંગણવાડી બનાવવા માટે આયોજન કરવામાં આવી રહ્યું છે. વિકાસકાર્યોની વણઝારમાં રાજય સરકાર ઉદાર હાથે અમરેલીને વિકાસકાર્યોની ભેટ આપી રહી છે. કૃષિકારોને સંબોધતા મંત્રીએ ઉમેર્યુ કે, અમરેલી વિધાનસભા મતવિસ્તારના ખેડૂતોને રાજય સરકારના બે કૃષિ રાહત પેકેજની સહાય મળી છે. વર્ષ ૨૦૨૫ના કમોસમી વરસાદની નુકશાની બદલ સહાય અને તાજેતરમાં જ રાજય સરકારે આપેલા રૂ. ૧૦,૦૦૦ કરોડના કૃષિ રાહત પેકેજની સહાયના નાણાકૃષિકારોના ખાતામાં જમા થઈ ગયા છે. એક તરફ રાહત સહાય બીજી તરફ રૂ. ૧૫,૦૦૦ કરોડની ટેકાના ભાવે ખરીદીથી ખેડૂતોને સરકારે આફતમાં સાથ આપ્યો છે. આ કાર્યક્રમ પહેલા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે લાપાળિયા, ચાંપાથળ મુકામે નવિન પંચાયત ભવનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જયારે સાજિયાવદર ખાતે ઈ–ખાતમુહૂર્ત બાદ શાસ્ત્રોકત વિધિ દ્વારા પંચાયત ભવનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી સુરેશભાઈ પાથર, જિલ્લા પંચાયતના સભ્યો મુકેશભાઈ બગડા, શંભુભાઈ મહિડા, કાળુભાઈ, પ્રવિણભાઈ માંગરોળીયા, તાલુકા પંચાયત અમરેલીના પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા, અગ્રણી અતુલભાઈ કાનાણી, જિલ્લા વિકાસ અધિકારી પરીમલ પંડ્યા, જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ અને કર્મયોગીઓ સાજિયાવદરના સરપંચ હરેશભાઈ ધાધલ આસપાસના વિવિધ ગામના સરપંચઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વીર શહીદ મનીષ મહેતા મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા

# અમરેલીનાં જાહેર સ્થાનો પર પાણીનાં પરબ બનાવાશે

## શહેરમાં પાંચ સ્થળોની પસંદગી કરાશે



અમરેલી, તા. ૩૦

અમરેલીનાં શહિદ જવાન મનીષ મહેતા મેમોરીયલની યાદમાં વિવિધ સામાજીક સેવાકીય પ્રવૃતિઓ કરતા એમના ટ્રસ્ટ પરિવાર ધ્વારા દાતાઓની મદદથી અમરેલી શહેરના વિવિધ જાહેર જગ્યાએ પાંચથી વધુ ઠંડા પાણીનાં પરબ બનાવવાનાં સંકલ્પ લીધેલ. જેમાં એસ.ટી. ડેપો ખાતે પહેલે જ આ સુવિધાઓ પુરી પાડી રહ્યા છે. હવે અન્ય જાહેર જગ્યાએ બનાવવામાં આવશે. જેથી રાહદારીઓને ઉનાળામાં ઠંડા પાણીની સુવિધા મળી રહે. તથા વીર શહીદ મનીષ મહેતા મેમોરીયલ ટ્રસ્ટ ધ્વારા પર્યાવરણ દિવસ ચકલીના માળા વિતરણ કરવામાં આવતા હતા. હવે એ સુવિધાઓ વધારો કરી હવેથી અમરેલીનાં નાગરિક તથા કોઈ અન્ય સંસ્થાઓ વિતરણ કાર્યક્રમ કરવો હોય, તો તેને કાયમી ધોરણે ચકલીઓના માળા વિતરણ આપવામાં આવશે. જેનો લાભ લેવા શહેરીજનો ૯૫૫૮૪૭૩૩૭૩ પર સંપર્ક કરી શકે છે. તેવું ટ્રસ્ટનાં મેનેજિંગ ટ્રસ્ટી પ્રકાશ રાજગોર ધ્વારા જણાવેલ હતું.

# દામનગરમાં શનિવારે શ્રી માતંગી મોઢેશ્વરી માતાજીનો પાટોત્સવની ઉજવણી કરાશે

દામનગર, તા. ૩૦

સમસ્ત મોઢકુળના કુળદેવી શ્રી મોઢેશ્વરી ( માતંગી માં ) માતાજીના ૭માં પાટોત્સવ નિમિતે તા.૩૧/૧/૨૬ને શનિવારે ગાયત્રી મંદિર દામનગરમાં બપોરના ૩:૩૦ કલાકે યજ્ઞ–આરતી, અને નૈવેદ્ય પ્રસાદ ધરાવવામાં આવશે. શ્રી મોઢ બ્રાહ્મણ પરિવાર દામનગર દ્વારા કરાયેલ આ પાટોત્સવ ઉજવવામાં આવશે.

### વિસાવદરનાં સામાજિક કાર્યકર્તાઓની માંગ

# સુપ્રસિધ્ધ ગીર કનકાઇ મંદિર તરફનાં માર્ગ ઉપર નાલા અને પુલિયા બનાવો

## વન અધિકારીને આવેનદપત્ર પાઠવ્યું

અમરેલી, તા. ૩૦

વિસાવદરના સામાજિક આગેવાન ઉદય કિશોરભાઈ મહેતા, અરવિંદભાઈ કરશનભાઈ ગોંડલીયા, હરિભાઈ જાની તેમજ કનકાઈ મંદિરના પૂજારી તરફથી જંગલ ખાતા સંબંધિત કેટલાક મહત્વના પ્રશ્નોના નિકાલ બાબતે આ રજૂઆત કરવામાં આવી છે.આવેદનપત્રમાં જણાવ્યા મુજબ વિસાવદરના સુપ્રસિધ્ધ ગીર કનકાઈ મંદિર તરફ જવા તથા આવવા માટે નાલા ઉપર ભૂતકાળ માં આર.એન.બી. વિભાગ તરફથી મંજૂર કરવામાં આવેલ પુલના નિર્માણ બાબતે જંગલ ખાતા તરફથી વાંધો ઉઠાવવામાં આવતા ભાવિકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

તેથી નાલા તથા પુલિયા બનાવવાની મંજૂરી આપી તાત્કાલિક નિવારણ કરવું જરૂરી છે.તેમજ તોકતે વાવાઝોડા બાદ કનકાઈ કુંજે જવાનો રસ્તો બંધ કરવામાં આવેલ છે. આ બાબતે અનેક વખત રજૂઆત કરવા છતાં આજદિન સુધી રસ્તો ચાલુ કરવામાં આવેલ નથી. તેથી તે રસ્તો તાત્કાલિક શરૂ કરવામાં આવે તેવી માંગણી છે.કનકાઈ મંદિરની જૂની ધર્મશાળા અતિ જર્જરીત હાલતમાં હોવાથી ભાવિકોની સુરક્ષાને ધ્યાનમાં લઈ નવી ધર્મશાળા બનાવવાની મંજૂરી આપવામાં આવે.વધુમાં વિસાવદર તરફથી આવતા દર્શનાર્થીઓને કનકાઈ મંદિરથી બાલગંગા (બાણેજ) દર્શનાર્થે જવા માટે છૂટ આપવામાં આવે.હાલમાં મંદિરમાં પ્રવેશનો સમય સવારે ૮ વાગ્યાનો રાખવામાં આવેલ છે,

જે સમય બદલીને સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી દર્શન માટે પ્રવેશની મંજૂરી આપવામાં આવે.ઉપરોક્ત તમામ પ્રશ્નોનો તાત્કાલિક નિકાલ કરવામાં નહીં આવે તો અચોક્કસ સમયગાળા માટે આમરણાંત ઉપવાસ આંદોલન પર બેસીશું, જે બાબતની જંગલ ખાતાના અધિકારીઓએ ગંભીર નોંધ લેવી જરૂરી છે. અંતમાં જણાવેલ છે.

# અમરેલી જિલ્લા પંચાયત તેમજ ધારી અને સાવરકુંડલા તાલુકા પંચાયતોના મતદાર મંડળોની રચના અને અનામત બેઠકોની ફાળવણી અંગે આખરી આદેશ પ્રસિધ્ધ

અમરેલી, તા. ૩૦

રાજય ચૂંટણી આયોગે એક આખરી આદેશ ધ્વારા અમરેલી જિલ્લા પંચાયત તેમજ ધારી અને સાવરકુંડલા તાલુકા પંચાયતોના મતદાર મંડળોની રચના તેમ રચના તેમજ અનામત બેઠકોની ફાળવણી અંગે આખરી આદેશ પ્રસિધ્ધ કર્યો છે.

અગાઉ રાજય ચૂંટણી આયોગ ધ્વારા અમરેલી જિલ્લા પંચાયતના મતદાર મંડળની રચના અને અનામત બેઠકોની ફાળવણી ગુજરાત પંચાયત અધિનિયમ –૧૯૯૩ અને તેના પ્રવર્તમામન નિયમોની જોગવાઈ મુજબ સને–૨૦૧૧ની વસતિ ગણતરીના આંકડા મુજબ વિકાસ કમિશ્નર, ગુજરાત રાજયના અધિકાર પરત્વે જિલ્લા પંચાયતના મતદાર મંડળોની (અનામત બેઠકો સહિતની સંખ્યા) નક્કી કરવામાં આવી છે. આ આખરી આદેશ મુજબ અમરેલી જિલ્લા પંચાયતની કુલ બેઠકો ૩૪ છે. જે પૈકી અનુસૂચિત જાતિની સ્ત્રી ૧, સામાન્ય ૨, અનુસૂચિત આદિજાતિની સ્ત્રી ૧, સામાન્ય ૦, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે સ્ત્રી ૫, સામાન્ય ૪ અને સામાન્ય સ્ત્રી માટે ૧૦ અને બિન અનામત સામાન્ય ૧૧ બેઠકોનો સમાવેશ થાય છે. આ આદેશ મુજબ ધારી તાલુકા પંચાયતની કુલ ૧૬ બેઠકો પૈકી અનસુચિત જાતિ સ્ત્રી માટે ૧, સામાન્ય ૧, અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે ૦, સામાન્ય ૧, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ સ્ત્રી ૨, સામાન્ય ૨, સામાન્ય સ્ત્રી ૫, બિન અનામત સામાન્ય ૪ બેઠકોનો સમાવેશ થાય છે. આ આખરી આદેશ મુજબ અમરેલી જિલ્લાની સાવરકુંડલા તાલુકા પંચાયતની કુલ ૨૨ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ સ્ત્રી માટે ૧, સામાન્ય ૧, અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે ૦, સામાન્ય ૧, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ સ્ત્રી ૩, સામાન્ય ૩ અને સામાન્ય સ્ત્રી ૭ અને બિન અનામત સામાન્ય ૬ બેઠકોનો સમાવેશ થાય છે. આ આદેશની વિગતવાર માહિતી સંબંધિત કચેરીઓના નોટીસ બોર્ડ પર જોવા મળી શકશે.

### સંતો-મહંતો અને આગેવાનોની ઉપસ્થિતિમાં

# ચલાલા ખાતે આઈશ્રી સોનલ પેટ્રોલીયમનો મંગલ પ્રારંભ થયો

## રાજયમંત્રી કૌશિક વેકરિયા પણ જોડાયા



ચલાલા, તા.૩૦

ચલાલા (દાનાભગત) દાના ભગત ની પ્રવિત્ર ભુમી ચલાલા પંથકના જાણીતા વકીલ, વનરાજભાઈ વાળા, અને ચલાલાના ક્ષત્રિય સમાજ અગ્રણી ચાપરાજ ભાઈ ધાધલ દ્વારા તા.૩૦,૧, શુક્રવાર સવાર ના ૧૦ કલાકે તેઓનું નવું સોપાન અતિ આધુનિક સંપૂર્ણ સુવિધા યુક્ત ‘ આઈશ્રી સોનલ પેટ્રોલિયમ’નું મંગલ પ્રારંભ અંશાવતાર દાન મહારાજ જગ્યાના મહંત મહારાજ પૂજયવલકુ બાપુ, ગરણીના પરમ પૂજય આઈ શ્રી વાલબાઈ માં, ખડકાળાના પૂજય શ્રી વિનુબા, કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, ના મંત્રી કૌશિકભાઈ વેકરીયા, લઘુ મંહત શ્રી મહાવીરબાપુ,જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, જિલ્લા પંચાયત પ્રમુખ, સુરેશભાઈ પાથર, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, ભીમનાથ મહાદેવ મંદિરના મહંત પૂજય મયુર બાપુ, ચલાલા નગરપાલિકાના પ્રમુખ પતિ જયરાજભાઈ વાળા,ઘસહિત સંતો મહંતો અને મહાનુભવોની ઉપસ્થિતી અને તેઓ ના વરદ હસ્તે ખુશનુમાં વાતાવરણમાં હર્ષ અને આનંદની લાગણી સાથે નવનિયુક્ત પેટ્રોલ પંપ નો મંગલ પ્રારંભ થયેલ છે.

### હાર્ટની વિવિધ બીમારી વચ્ચે પણ

# સાવરકુંડલાની સરકારી હોસ્પિટલમાં ૯૩ વર્ષિય વૃધ્ધનાં થાપાનાં ગોળાનું સફળ ઓપરેશન

## તબીબોની કુશળતાએ જીવુબેનને આપ્યું નવુ જીવન



સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલા સ્થિત કે.કે. મહેતા સરકારી હોસ્પિટલે તબીબી ક્ષેત્રે એક ઐતિહાસિક સિધ્ધિ હાંસલ કરી છે.હોસ્પિટલના નિષ્ણાંત તબીબોની ટીમે ૯૩ વર્ષની જૈફ વયના વૃધ્ધાના ડાબા થાપાનો ગોળો બદલાવવાનું અત્યંત જોખમી ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડીને સરકારી હોસ્પિટલો પ્રત્યે જનતાનો વિશ્વાસ વધુ મજબૂત કર્યો છે. મોટા ઝિંઝુડા ગામના રહેવાસી ૯૩ વર્ષીય જીવુબેનને થાપાનો ગોળો ફાટી જવાની ગંભીર ઈજા સાથે ઈમરજન્સીમાં લાવવામાં આવ્યા હતા. દર્દીને છેલ્લા ૧૦ વર્ષથી હૃદય સંબંધિત અને હાઈપર ટેન્શન જેવી ગંભીર સમસ્યાઓ હોવાથી ઓપરેશન અત્યંત જોખમી હતું. જોકે, ફિઝિશ્યન ડો. દેવાંશી પટેલ ધ્વારા હાઈ રિસ્ક ફિટનેસ મળ્યા બાદ, ઓર્થોપેડિક સર્જન ડો. નિર્માણ લુણાગરીયા અને એનેસ્થેસ્ટિક, ડો. દિનેશ સોલંકીની ટીમે આ પડકાર ઝીલી લીધો હતો. નર્સિંગ સ્ટાફના સહયોગથી આ ઓપરેશન સફળ રહ્યું છે અને હાલ દર્દી સ્વસ્થ છે.હોસ્પિટલમાં નવનિયુક્ત ઓર્થોપેડિક સર્જન ડો. નિર્માણ લુણાગરીયાએ હાજર થયાના માત્ર ૧૫ દિવસમાં જ અંદાજે ૧૨ થી ૧૫ જેટલા નાના–મોટા સફળ ઓપરેશનો કરીને સ્થાનિક દર્દીઓને ખાનગી હોસ્પિટલોના મોંઘા ખર્ચમાંથી મુક્તિ અપાવી છે.અદ્યતન સુવિધાઓથી સજજ હોસ્પિટલ અધિક્ષક ડો. વિવેક તરસરીયા અને આર.એમ.ઓ. ડો. હીમા ચૌહાણના કુશળ માર્ગદર્શન હેઠળ હોસ્પિટલમાં અનેક સેવાઓ કાર્યરત છે.બાળરોગ નિષ્ણાંત ડો. ઈબ્રાહિમ લક્ષમીધર ધ્વારા નવજાત શિશુઓની સારવાર અને અદ્યતન NICU (ઘનિષ્ઠ સારવાર વિભાગ)ની સુવિધા.રસીકરણ. દર સોમવાર અને ગુરૂવારે સવારે ૯ થી ૧૨ દાંતના વિભાગમાં ડો. વિવેક તરસરીયા અને ડો. માલવીકા ચૌધરી, તેમજ માનસિક રોગના નિષ્ણાંત ડો. નિધિશ કક્કડની સેવાઓ ઉપલબ્ધ છે.૨૪X૭ ઈમરજન્સી, ડાયાલીસીસ, ફિઝિયોથેરાપી, લેબોરેટરી, એકસ–રે, આંખનો વિભાગ અને આયુષ્યમાન કાર્ડ અંતર્ગત મફત સારવાર.પેટા–જિલ્લા કક્ષાની આ હોસ્પિટલમાં મળી રહેલી આવી ઉચ્ચ કક્ષાની સુવિધાઓ અને તબીબોના સેવાભાવી અભિગમની સમગ્ર પંથકમાં પ્રશંસા થઈ રહી છે.

### ગ્રામજનોને રૂબરૂ મળવા માટે

# બાબરાનાં ખાખરીયા ગામની સત્તાવાર મુલાકાત લેતા જિલ્લા કલેક્ટર

## ગ્રામ પંચાયત, પ્રાથમિક શાળામાં નિરીક્ષણ કર્યુ



બાબરા, તા. ૩૦

અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ ધ્વારા બાબરા તાલુકાના ખાખરીયા ગામની સત્તાવાર મુલાકાત લેવામાં આવી હતી. આ પ્રવાસ દરમિયાન કલેકટરએ ગામની વિવિધ સરકારી સંસ્થાઓ જેવી કે ગ્રામ પંચાયત કચેરી, આંગણવાડી, પ્રાથમિક શાળા તેમજ સબ સેન્ટરની રૂબરૂ મુલાકાત લઈ ત્યાં ઉપલબ્ધ સુવિધાઓ અને વહીવટી કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યુ હતું. આ તકે તેમની સાથે પ્રાંત અધિકારી, તાલુકા વિકાસ અધિકારી (ટિડીઓ), બાબરા પી.આઈ. તથા અન્ય ઉચ્ચ અધિકારીગણ જોડાયા હતા.

ખાખરીયા ગ્રામ પંચાયત ખાતે આગમન સમયે ગામના સરપંચ વિપુલભાઈ કાચેલા ધ્વારા કલેકટરનું પુષ્પગુચ્છ આપી અને સાલ ઓઢાડીને ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું. મુલાકાત દરમિયાન કલેકટરએ શિક્ષણ, આરોગ્ય અને ગ્રામીણ વિકાસના કામો અંગે અધિકારીઓ તેમજ ગ્રામ પંચાયતના સભ્યો સાથે ચર્ચા–વિચારણા કરી જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડયું હતું.

કલેકટર અને ઉચ્ચ અધિકારીઓના કાફલાની આ મુલાકાતથી ગ્રામીણ પ્રશ્નોને વાચા મળી હતી અને વહીવટી તંત્રની કામગીરીમાં વેગ જોવા મળ્યો હતો.

## ‘‘ડિજિટલ ઈન્ડિયા’’નાં માહોલમાં ચીટરોએ હાહાકાર મચાવ્યો

# અમરેલીમાં એક જ દિવસમાં ‘‘સાયબરફ્રોડ’’નાં ૭ બનાવો

### અમરેલી, બગસરા, જાફરાબાદ, રાજુલા, ખાંભા અને બાબરા પંથકમાં એકી સાથે બનાવ બન્યા

### મોટાભાગનાં બનાવોમાં APK ફાઈલ મોકલીને નાણા ઉપાડી લીધા

### કુલ રૂપિયા ૧૭.૫૬ લાખની ઉઠાંતરી થતાં પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી

### સરકાર સાયબરફ્રોડ કરનારથી નાગરિકોને બચાવે તેવી કોઈ ટેકનોલોજી શરૂ કરાવે તે જરૂરી

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લામાં જાણે સાયબર કરનારા શખ્સો માટે મોકલું મેદાન હોય તેમ જિલ્લાનાં અલગ ગામમાંથી અલગ અલગ દિવસે થયેલ સાયબર ફ્રોડની એક જ દિવસે રૂપિયા ૧૭,૫૬,૮૦૪ની રકમની સાત સાત પોલીસ ફરિયાદ નોંધાતાં ચકચાર મચી જવા પામેલ છે.

પ્રથમ બનાવમાં બગસરા તાલુકાના માવજીંજવાના વતની અને હાલ સુરત મોટા વરાછા વૃંદાવન સોસાયટીમાં રહેતાં જયરાજભાઈ મધુભાઈ રાબડીયા નામનાં ૩૫ વર્ષીય વેપારી યુવકના મોબાઈલ ફોન નંબર જીઓ સીમકાર્ડ કોઈ અજાણ્યા ઈસમે કોઈપણ રીતે બંધ કરી દઈ વેપારીના સીમકાર્ડ સાથે કનેકટેડ તેમનાં આઈડીબીઆઈ એકાઉન્ટમાંથી તા. ૨૬/૧૦/૨૫ થી તા. ૨૭/૧૦/૨૨૫ સુધીમાં અલગ અલગ ટ્રાન્જેકશન કરી કુલ રૂા. ૧,૮૪,૯૭૭ ઉપાડી લઈ વેપારી સાથે છેતરપીંડી કરતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

બીજા બનાવમાં બાબરા તાલુકાના ભીલા ગામે રહેતાં રાજેશભાઈ પીઠાભાઈ ડેર નામનાં ૩૬ વર્ષીય યુવકના સાથી કર્મચારીના ફોનમાં વોટ્સએપ એપ્લીકેશમાં ‘‘e Challan.apk’’ નામની ખોટી એપ્લીકેશન મોકલી તેમનો મોબાઈલ ફોન હેક કરી લઈ આ યુવકના મોબાઈલ ફોનમાં વોટ્સએપમાં ‘‘e



Challan.apk’’ મોકલી યુવકનો પણ મોબાઈલ ફોન હેક કરી લઈ યુવકના એચડીએફસી બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૧,૯૨,૫૦૦ની ઓનલાઈન ઠગાઈ કરતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ત્રીજા બનાવમાં અમરેલીની અમૃતધારા સોસાયટી, ચક્કરગઢ રોડ ઉપર રહેતાં કાળુભાઈ નાથાભાઈ સાવલીયા નામનાં ૪૬ વર્ષીય આધેડ વેપારીની જાણ બહાર કોઈ અજાણ્યા આરોપીએ આર.ટી.ઓ. APK ફાઈલ વેપારીના વોટસએપમાં મોકલી મોબાઈલ ફોન હેક કરી વેપારીના ક્રેડીટ કાર્ડમાંથી લોન કરી તે લોનના રૂપિયા ૩,૨૦,૫૨૧ની રકમ તથા આ આધેડ વેપારીના બેન્ક ખાતામાંથી બચતના પેડલ રૂપિયા પૈકીના રૂા. ૧,૦૦,૦૦૦ તથા રૂા. ૯૮,૭૫૦ તથા રૂા. ૧,૦૦,૦૦૦ તથા રૂા. ૬૬,૧૬૨ મળી કુલ રૂા. ૩,૬૪,૯૧૨

અનુસંધાન પાના ૬ ઉપર

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
**પેટા વિભાગીય કચેરી – બગસરા**
**ગ્રાહક સુવિધા કેન્દ્ર (ફોલ્ટ સેન્ટર), નાયબ ઈજનેરશ્રીની કચેરી, સ્ટેશન રોડ, બગસરા મો. ૬૩૫૯૬ ૨૪૧૦૧**

### વીજ પુરવઠો બંધ રહેવાની જાહેરાત

આથી બગસરા શહેરના માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે, વીજ માળખુ સુદ્રઢ બનાવવા હેતુસર હાલમાં RDSS સ્કીમ હેઠળ MVCC (Medium Voltage Coated Conductor), DT મીટર તથા હળવા દબાણની લાઈન કેબલ બદલવાની કામગીરી હાથ ધરેલ હોય નીચે દર્શાવેલ ફીડર અને વિસ્તારમાં તા. ૩૧/૦૫/૨૬ સુધી જરૂરિયાત મુજબ અસરકર્તા વિસ્તાર પુરતો વીજ પુરવઠો બંધ કરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી છે.

| ક્રમ | સબ સ્ટેશનનું નામ | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. બગસરા | ભુતનાથ અર્બન | હુડકો, વ્રજભુમિ, ૬૦ ફુટ રોડ, ગોકુળપરા, પોલીસ સ્ટેશન, અબરવાડ, પટેલવાડી, રણુજાધામ, રામદેવપીર મંદિર, બાલમંદિર ચોક, એવી પટેલ ચોક, રામગઢ, હવેલી શેરી ચોક, નદીપરા, વિવેકાનંદ, સરદાર ચોક, ખોડીયાર નગર, મેઈન બજાર, ગંજીવાડો, ગાંધીચોક, સોની બજાર, જામકા ગેઈટ, આઈ.ટી.આઈ. ન્યાયાલય (કોર્ટ) તથા અન્ય ભુતનાથ ફીડરમાં સમાવિષ્ટ વિસ્તાર |
| ૨ | ૬૬ કે.વી. બગસરા | બગસરા સીટી | જીનપરા, બંગલી ચોક, કુંકાવાવ નાકા, ગોંડલીયા ચોક, શિવાજી ચોક, વિજય ચોક, સ્વામિનારાયણ મંદિર, તિરૂપતી, સત્તાધાર સોસા., સ્ટેશન રોડ, નટવરનગર, બસ સ્ટેન્ડ, મેઘાણી નગર, મામલતદાર ઓફીસ, ગાયત્રીનગર, મારૂતીનગર, નિલકંઠનગર તથા અન્ય બગસરા સીટી ફીડરમાં સમાવિષ્ટ વિસ્તાર |

**નોંધ :** કામગીરી પુર્ણ થયે કોઈપણ જાણ કર્યા વગર વીજ પુરવઠો પુર્વવત કરવામાં આવશે.


શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર મેગાસીટીમાં થતા ફુવારા પદ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજીથી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમાધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
ડો.અભિષેક ઠાકર આંખના સર્જન
ડો.સોનલબેન ઠાકર ડેન્ટલ સર્જન
ડો.હર્ષિત ઠાકર
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
રોયલ કોમ્પ્લેક્ષની બાજુમાં ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Business Development Manager
Experience : 1-2 Years
• Senior Accountant - 1
Experience : 1-2 Years (Male)
• Junior Finance Officer - 1
Experience : 1-2 Years (Male)
• Parlour Manager - 1
Experience : 1-2 Years
• Cashier - 1
Experience : 1-2 Years
• Sales Coordinator - 2
Experience : 1-2 Years
Location :
Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
હવે આપના અમરેલીમાં કાન-નાક-ગળાના ડોકટર નિયમિત મળશે
સોમવાર થી શનિવાર
સમય : સવારે ૦૯:૩૦ થી ૦૨, સાંજે ૦૫ થી ૦૮





Dr. Rutvij Mehta
M.S., (ENT)
• અમરેલી જિલ્લામાં પ્રથમવાર કાનના પડદાનું ચીરો મુક્યા વગર ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ (Endoscopic Tympanoplasty).
• કાનના સડાનું ઓપરેશન તથા કાનની બહેરાશની તપાસ (ઓડિયોમેટ્રી).
• નાકના પડદાનું ઓપરેશન અને નાકના મસાનું દૂરબીનથી ઓપરેશન રાહતદરે કરી આપવામાં આવશે.
• ગળાની સ્વરપેટીના મસા તથા ગાંઠનું, કાકડા તેમજ એડેનોઈડ (Adenoid)ના ઓપરેશન કરી આપવામાં આવશે.
• થાઈરોઈડ ગ્રંથિના રોગોનું નિદાન તેમજ ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ.
• જીભ તેમજ અન્ય મોઢાના અને ગળાના કેન્સરનું નિદાન અને સારવાર ની સુવિધા ઉપલબ્ધ.
• એલર્જીના રોગોનું નિદાન અને સારવાર.
• ચહેરાના પેરાલીસીસ માટે નિદાન અને સારવાર.
• નાસુરનું દૂરબીનથી ઓપરેશન રાહતદરે કરી આપવામાં આવશે (ચેકો મુક્યા વગર).
• કાન -નાક -ગળા ને લગતી કોઈપણ તકલીફ માટે સારવાર રાહતદરે કરી આપવામાં આવશે.
24/7 Emergency Services
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
99789 66629


## દુઃખદ અવસાન / બેસણું



**સ્વ. નનુભાઈ જીવરાજભાઈ પેથાણી**

સ્વ. તા.૨૯/૦૧/૨૦૨૬, સંવંત ૨૦૮૨ મહાસુદ-૧૧ ને ગુરૂવાર

તમારૂ જીવન અમારી પ્રેરણા હતી, તમારા આદર્શ અમારા માર્ગદર્શન હતા, અમે તમારા સરળ જીવન, ઉચ્ચ વિચારો, દયાળુ સ્વભાવ ક્યારેય ભુલીશું નહીં, ભગવાન તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના....

સદગતનું બેસણું : તારીખ : 31/01/૨૦૨૬ ને શનિવાર
સવારે ૮ : 00 થી ૫ : 00 કલાક સુધી રાખેલ છે
સ્થળ : અમારા નિવાસ સ્થાન
મુ. વાંકિયા, મેઈન બજાર, તા.જી. અમરેલી

લી.

વસંતભાઈ નનુભાઈ પેથાણી (મો. ૯૮૨૫૬ ૧૦૬૦૦)
: કેમ્પસ ડાયરેકટર :
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ-વિદ્યાસભા, અમરેલી

તથા પેથાણી પરિવારનાં જયશ્રી કૃષ્ણ


આમ આદમીનું અખબાર
અમરેલી એક્સપ્રેસ
આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના
લવાજમની મુદ્દત
તા.૦૧/૦૧/૨૦૨૬ થી તા.૩૧/૧૨/૨૦૨૬
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૬
અમરેલી જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈનિક ‘‘અમરેલી એક્સપ્રેસ’’નું નિયમિત ડોર ટુ ડોર વેચાણ કરાવી શકે, સ્થાનિક સમાચારો મોકલી શકે અને જાહેરખબરનું કલેકશન કરી શકે તેવા વ્યકિતઓની સા.કુંડલા, દામનગર, નાગેશ્રી, ટીબી, ડુંગર, ડેડાણ, સહિતના નાના-મોટાગામોમાં નિમણુંક કરવાની હોય, જે કોઈ વ્યકિત ‘‘અમરેલી એક્સપ્રેસ’’ સાથે જોડાવવા ઉત્સુક હોય તેઓએ નીચેના સ્થળે / સમયે રૂબરૂ અથવા મોબાઈલથી સંપર્ક કરવા જણાવવામાં આવેલ છે.
એજન્ટ/ પત્રકારની નિમણુંક કરવાની છે
સચોટ-સટીક સાતત્યસભર દૈનિક
લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)